Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-3, December-2019
Impact Factor:4.081
www.researchguru.net

# શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ પ્રત્યે પ્રશિક્ષણાર્થીઓના મનોવલણોનો અભ્યાસ

નરેશ રોહિત
પીએચ.ડી.સ્કોલર, શિક્ષણ વિદ્યાશાખા,ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-14, E-mail : nrrohit1985@gmail.com., Mo.9727888556

***સારાંશ***

*પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ શિક્ષક-પ્રશિક્ષણ તાલીમ દરમિયાન ચાલતા વિવિધ કાર્યક્રમો પ્રત્યે પ્રશિક્ષણાર્થીઓના મનોવલણો તપાસવાનો હતો. સ્તરીકૃત યાદૃચ્છિક ઝૂમખા પસંદગી પ્રયુક્તિ દ્વારા 400 પ્રશિક્ષણાર્થીઓની નમૂનામાં પસંદગી કરવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધનમાં લિકર્ટ પદ્ધતિ અનુસાર મનોવલણ માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતી વિશ્લેષણ માટે કમ્પ્યૂટર પ્રોગ્રામ SPSSનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનના તારણોમાં 97.57% પ્રશિક્ષણાર્થીઓ શિક્ષક-પ્રતિશણ કાર્યક્રમ પ્રત્યે હકારાત્મક વલણ ધરાવે છે.*

*ચાવીરૂપ શબ્દો : પ્રશિક્ષણાર્થીઓ, શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ, મનોવલણ*

શિક્ષણક્ષેત્રે હાથ ધરવામાં આવતા સંશોધનોમાં શિક્ષણના ક્ષેત્રમાં કંઈકને કંઈક પ્રદાન તો અવશ્ય કરતા જ હોય છે. તે સમાજ માટે ઉપયોગી બની શકતા હોય છે. તેમજ શિક્ષણ સાથે સંકળાયેલી તમામ વ્યક્તિઓને વ્યક્તિગત રીતે પણ મદદરૂપ બની શકતા હોય છે. પ્રત્યેક વ્યક્તિ પોતાના કાર્યક્ષેત્રની વિવિધ બાબતો પ્રત્યે ગમા કે અણગમાના મનોભાવો થોડાઘણે અંશે ધરાવતો જોવા મળે છે. લાંબાગાળે વ્યક્તિના આ મનોભાવો વલણોમાં પરીવર્તે છે. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન ઘણા બધા પાસાંઓ તેની ઉપર અસર કરતા હોય છે. પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ પ્રશિક્ષણાર્થીઓના શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ પ્રત્યેના મનોવલણ તપાસવાનો હતો.

**સંશોધનના હેતુઓ**

1. પ્રશિક્ષણાર્થીઓ શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ પ્રત્યેના વલણો જાણવા.
2. પ્રશિક્ષણાર્થીઓ તેમના શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ પ્રત્યેના વલણો ઉપર વિવિધ ચલોની સ્વતંત્ર અસરો તથા સંયુક્ત આંતરક્રિયાની અસરનો અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ**

1. પ્રશિક્ષણાર્થીઓના શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ પ્રત્યેના વલણો તટસ્થ હશે.
2. પ્રશિક્ષણાર્થીઓના શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ પ્રત્યેના પ્રાપ્ત મનોવલણાંકોના સરાસરી પ્રાપ્તાકો પર કુમાર અને કન્યા પ્રશિક્ષણાર્થીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
3. પ્રશિક્ષણાર્થીઓના તેમના શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ પ્રત્યેના વલણાંકોની સરાસરી પર તેમની જાતિ, શૈક્ષણિક સંસ્થાનો વિસ્તાર અને તેમની સંસ્થાના સંચાલન ત્રણેયની સંયુક્ત આંતરક્રિયા વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનમાં સમાવિષ્ટ ચલ**

સંશોધનમાં સમાવિષ્ટ ચલ અને તેની કક્ષાઓ નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| જાતિ | : | કુમાર, કન્યા |
| વિસ્તાર | : | શહેર, ગ્રામ્ય |
| સંચાલત | : | ગ્રાન્ટ ઈન એઈડ, સ્વનિર્ભર |

**શબ્દોની વ્યવહારુ વ્યાખ્યાઓ**

**પ્રશિક્ષણાર્થીઓ**

શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાનમાં અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક રીતે અધ્યાપનનો અનુભવ પ્રાપ્ત કરનાર ભાઈઓ અને બહેનો કે જે શિક્ષક માટેના જરૂરી વ્યાવસાયિક કૌશલ્યોની સાથે સાથે શિક્ષકનું સમગ્ર વ્યક્તિત્વ,

યોગ્યતા અને સજ્જતા પ્રાપ્ત કરે છે.

**શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ**

અધ્યાપન મંદિરોમાં તેમજ બી.એડ્.માં સરકાર દ્વારા માન્ય થયેલા અભ્યાસક્રમ અંતર્ગત પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ દરમિયાન ચાલતી સમગ્ર શૈક્ષણિક, બિન શૈક્ષણિક તથા સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ સંપૂર્ણ કાર્યક્રમ.

**વલણ**

કોઈપણ ઉદ્દીપકોના વર્ગ જેવા કે માનવવંશીય જૂથ, રિવાજ, વિચાર, પ્રણાલી, પ્રવૃત્તિ કે સંસ્થા પ્રત્યે સંમતિ કે અસંમતિ દર્શાવતા મનના પ્રતિચારો એટલે વલણ.

**સંશોધનનું મહત્વ**

1. શૈક્ષણિક આયોજન અને અમલીકરણની માર્ગદર્શક રૂપરેખા તૈયાર થઈ શકી હતી.
2. પ્રવર્તમાન શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમની ગુણવત્તા સુધારણાના યોગ્ય પગલા લઈ શકાયા હતા.
3. પ્રસ્તુત સંશોધન દ્વારા પ્રશિક્ષણાર્થીઓના નકારાત્મક વલણો માટેના કારણો જાણીને તેને હકારાત્મક બનાવવાના ઉપાયો થઈ શક્યા હતા.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં ગુજરાત રાજ્યમાં આવેલા સરકારી અને સ્વ-નિર્ભર શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાનોના પ્રશિક્ષણાર્થીઓ પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ હતા. નમૂનો પસંદ કરવા શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાનોમાં સંખ્યાની દૃષ્ટિએ સૌથી મોટા એવા ત્રણ જિલ્લાઓ અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણામાં આવેલા 87 અધ્યાપન મંદિરોની યાદી મેળવવામાં આવી હતી. જેમાંથી 8 સંસ્થાનો યાદૃચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યા હતા. માહિતી એકત્રીકરણના દિવસે વર્ગમાં હાજર રહેલા બધા જ પ્રશિક્ષણણાર્થીઓની પસંદગી નમૂનામાં કરવામાં આવી હતી. આમ સ્તરીકૃત યાદૃચ્છિક ઝૂમખા પસંદગી પ્રયુક્તિ દ્વારા 400 પ્રશિક્ષણાર્થીઓની નમૂનામાં પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમના પ્રશિક્ષણાર્થીઓના વલણ જાણવા વલણ માપદંડનો ઉપયોગ કર્યો હતો. આ વલણ માપદંડ લિકર્ટ પ્રકારના પાંચબિંદુ માપદંડનો હતો. માપદંડમાં પાંચ ઘટકો (શૈક્ષણિક સિદ્ધિ, અભ્યાસિક પ્રવૃત્તિ, સહઅભ્યાસિક પ્રવૃત્તિ, શૈક્ષણિક કાર્યક્રમ, શૈક્ષણિક વાતાવરણ)નું પ્રતિનિધિત્વ કરતી કુલ 25 કલમો હતી. માપદંડના મુખપૃષ્ઠ પર પાત્રો પાસેથી પ્રાપ્ત કરવાની માહિતી અંગેની વિગતો લખવા માટે કોષ્ટક આપવામાં આવ્યું હતું. પાત્રોએ પ્રતિચાર કેવી રીતે આપવા એ અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. પ્રત્યેક કલમની સામે પ્રતિચાર આપવા પંચબિંદુ 'સંપૂર્ણ સંમત, સંમત, તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમત' આપવામાં આવ્યા હતા. પાત્રોએ ખરા (√)ની નિશાની કરીને પ્રતિચાર આપવાનો હતો. વલણ માપદંડની વિશ્વસનીયતા 't' મૂલ્ય શોધીને તપાસવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણ અને વિશ્લેષણ**

માહિતી એકત્રીકરણ માટે સૌપ્રથમ સંશોધકે શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાના આચાર્યની પૂર્વમંજૂરી મેળવી હતી. ત્યારબાદ નમૂનામાં પસંદ થયેલ પ્રશિક્ષણાર્થીઓને પ્રસ્તુત સંશોધનના હેતુઓ અંગે માહિતી આપી હતી. પ્રશિક્ષણાર્થીઓ સાથે આત્મીયતા કેળવી તેમના દ્વારા અપાયેલા માહિતીને સંપૂર્ણ ખાનગી રાખવાની બાંહેધરી આપી હતી. ત્યારબાદ 'મનોવલણ માપદંડ' આપવામાં આવ્યો હતો. તેમાં પ્રતિચાર કઈ રીતે આપવાનો છે તે અંગેની વિગત સમજાવી હતી. માહિતી આપવા માટે ચુસ્ત સમય મર્યાદા રાખવામાં ન આવી હતી.

માહિતી વિશ્લેષણ માટે કમ્પ્યૂટર પ્રોગ્રામ SPSS નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વર્ણનાત્મક અંકશાસ્ત્રીય ગણતરીઓ જેવી કે મધ્યક, મધ્યસ્થ, પ્રમાણવિચલનની ગણતરી કરવામાં આવી હતી. ઉત્કલ્પનાઓની ચકાસણી માટે ટી-મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી.

**પરિણામો**

મનોવલણ માપદંડ પર શિક્ષક-પ્રશિક્ષણના 400 પ્રશિક્ષણાર્થીઓએ મેળવેલા પ્રાપ્તાંકોને આધારે

કરવામાં આવેલી વર્ણનાત્મક અંકશાસ્ત્રીય ગણતરીઓ સારણી-1માં રજૂ કરવામાં આવી છે.

**સારણી-1**

**મનોવલણ માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોની વર્ણનાત્મક અંકશાસ્ત્રીય ગણતરી**

| ગણતરી | મૂલ્ય | ગણતરી | મૂલ્ય |
|---|---|---|---|
| સંખ્યા | 400 | મધ્યક | 65.53 |
| સરાસરી | 50.53 | બહુલક | 51 |
| સરાસરીની પ્રમાણભૂલ | 0.390 | | |
| પ્રમાણ વિચલન | 7.850 | વિરુપતા | 0.102 |
| મધ્યસ્થ | 50.05 | કકૂદતા | 0.222 |

સારણી-1નું અવલોકન કરતા કહી શકાય કે 'મનોવલણ માપદંડ' પર મેળવેલા પ્રાપ્તાંકોની સરકારી 50.53, સરાસરીની પ્રમાણભૂલ 0.390, પ્રમાણવિચલન 7.850, મધ્યસ્થ 50.05, મધ્યક 65.63, બહુલક -51, વિરુપતા 0.102 તથા કકૂદતા-0.222 હતી. જે સ્પષ્ટ કરે છે કે વિતરણ સમધારણ વિતરણની અત્યંત નજીક હતું.

**સારણી-2**

**જાતિ અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ**

| જાતિ | પાત્રોની સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સરાસરીની પ્રમાણભૂલ | સરાસરીનો તફાવત | ટી-મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| કુમાર | 190 | 49.36 | 7.781 | 0.449 | 2.645 | 3.950 | 0.01 |
| કન્યા | 210 | 51.49 | 10.008 | 0.739 | | | |

સારણી-2નું અવલોકન કરતા કહી શકાય કે નમૂનામાં સમાવિષ્ટ પ્રશિક્ષણાર્થીઓની જાતિ અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ તપાસવા માટે કુમારો અને કન્યા પ્રશિક્ષણાર્થીઓએ વલણી માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોની અસહસંબંધિત સરાસરીઓના ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. પરિણામ અનુસાર કુમારો (M=49.36, SD=7.781) અને કન્યા પ્રશિક્ષણાર્થીઓ (M=51.49, SD = 10.008) મનોવલણ માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત હતો. તેથી બીજી ઉત્કલ્પનાનો સ્વીકાર કરી શકાયો ન હતો. સરાસરીના આધારે કહી શકાય કે કુમાર પ્રશિક્ષણાર્થીઓ કરતા કન્યા પ્રશિક્ષણાર્થીઓ પર પ્રશિક્ષણ કાર્યક્રમ પ્રત્યે વધુ મનોવલણાંક જોવા મળ્યા હતા.

**સારણી-3**

**મનોવલણ અને વિસ્તાર તથા સંચાલન પ્રકાર વચ્ચેનો સંબંધ**

| સંસ્થાનો વિસ્તાર | સંખ્યા | સંચાલનનો પ્રકાર | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | સરાસરીની પ્રમાણભૂલ | સરાસરી તફાવત | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ્રામ્ય | 3 | ગ્રાન્ટ ઈન એઈડ | 2 | 49.14 | 8.405 | 0.390 | 5.609 | 3.949 | 0.01 |
| શહેરી | 5 | સ્વ-નિર્ભર | 6 | 54.73 | 10.859 | 1.730 | | | |

સારણી-3નું અવલોકન કરતા કહી શકાય કે નમૂનામાં સમાવિષ્ટ ગ્રામ્ય અને શહેરી વિસ્તારની સંસ્થાઓ પર મનોવલણ માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોની અસહસંબંધિત સરાસરીઓના ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. સાથે સંસ્થાના સંચાલન પ્રકાર જેવા કે ગ્રાન્ટ-ઈન-એઈડ તથા સ્વ-નિર્ભર સંસ્થા પર અસહસંબંધિત સરાસરીઓના ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. જેમાં ગ્રામ્ય વિસ્તારની સંસ્થાઓના પ્રશિક્ષણાર્થીઓ અને શહેરી વિસ્તારની સંસ્થાઓના પ્રશિક્ષણાર્થીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો. ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓ અને સ્વ-નિર્ભર સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓ વચ્ચે પણ સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

**ચર્ચા**

પ્રસ્તુત સંશોધનના પરિણામો જણાવતા હતા કે 97.57% પ્રશિક્ષણાર્થીઓ શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ પ્રત્યે હકારાત્મક મનોવલણો ધરાવે છે. ગ્રામ્ય વિસ્તાર કે શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓ વચ્ચેના મનોવલણોમાં સાર્થક તફાવત હતો. કન્યા પ્રશિક્ષણાર્થીઓ અને કુમાર પ્રશિક્ષણાર્થીઓના મનોવલણાંકો પર સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

**સંદર્ભ સૂચિ**

પટેલ,એ.એમ. (1989). બી.એડ્. પ્રાયોગિક પાઠો અને સુપ્રત કાર્યોની સફળતાલક્ષી ગુરૂ ચાવી (પ્રથમ આવૃત્તિ). વલ્લભ વિદ્યાનગર, વિદ્યાનગર પ્રકાશન લિ.

પટેલ,આર.એ. (1997). ગુજરાતના પ્રાથમિક અધ્યાપન મંદિરોના પ્રશિક્ષણાર્થીઓના તેમના પ્રશિક્ષકોના અધ્યાપન વ્યવહાર વિષયક અભિપ્રાયોનો અભ્યાસ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ : અપ્રકાશિત સંશોધન, પીએચ.ડી. એજ્યુકેશન

H.N.Tapovan (1992). A Study of Professianal Attitude of Secondary school Teachers of Gujarat state. Gujarat University, Ahmedabad : An Published Ph.D. Thesis